અપીલ અરજી નં.૩૮૬ તા.૧–૨–૧૦

અરજદારઃ શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટી
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધના ઝોન.

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટીની તા.૫–૧૨–૦૯ ની અરજીથી કર્મયોગી સોસા.પ્લોટ નં.૧૨૦ નાં રે.સ.નં.૨૩૯ પૈકી પ્લોટ નં.૧૭૭ શ્રી સાંઈપુજા એપાર્ટમેન્ટને લગતી માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૨–૧૦ ની અપીલ અરજી નં.૩૮૬/૨૦૦૯–૧૦

શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટીની તા.૫–૧૨–૦૯ ની અરજીથી કર્મયોગી સોસા.પ્લોટ નં.૧૨૦ નાં રે.સ.નં.૨૩૯ પૈકી પ્લોટ નં.૧૭૭ શ્રી સાંઈપુજા એપાર્ટમેન્ટને લગતી માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ/૧૬૩૫ તા.૪–૧–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની તથા ગુજરાત માહિતી આયોગના હુકમની નકલ આવેલ હોયતો તેની વિગત પણ સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૨૭૦ તા.૮–૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધના ઝોન તથા અરજદારને અગાઉ અત્રેની કક્ષાએ અપીલ અરજી કરેલ છે કે કેમ? અને કરેલ હોય તો કયા સંદર્ભમાં કરેલ છે? તેની વિગત ,મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન./અકણ/(આરટીઆઈ)/૧૯૫૫ તા.૧૭–૨–૧૦ થી નોંધ વિભાગ તથા પત્ર વિભાગના પાના નંગ–૧૨ અપીલ અરજી નં.૩૫૩ તા.૧૫–૧–૧૦ અનુસંધાનમાં પત્ર નં.સા.ઝોન./અકણ/(આરટીઆઈ)/૧૮૪૧ તા.૨–૨–૧૦ થી વિગતો મોકલવામાં આવેલ હોવાનું જણાવી તેની નકલો અત્રે રવાના કરેલ. અરજદાર તરફથી તા.૨૨–૨–૧૦ થી મુળ અરજીની નકલ ,નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૬૩૫ તા.૪–૧–૧૦ થી આપેલ માહિતીના પત્રની નકલ, પહોંચતી કરવામાં આવેલ.

અરજદારની તા.૫–૧૨–૦૯ ની અરજીથી ટેનામેન્ટ નં.૨૭ડી–૧૭–૧૭૭૧–૦–૦૦૧ થી નં.૨૭ડી – ૧ ૭– ૧૭૭૮–૦–૦૦૧ સાંઈપુજા એપાર્ટમેન્ટના શ્રી જગદીશ મુકુંદ પાટીલ અને અગાઉના બધા કબજેદારોની કબજારસીદની નકલ માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૬૩૫ તા.૪–૧–૧૦ થી "ત્રાહિત પક્ષકારે માહિતીઆપવા અંગે વાંધો ઉઠાવી માહિતી ન આપવા જણાવેલ છે. જેથી રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટની કલમ–૧૧(૨) હેઠળ માહિતી આપવા અંગે હું ઈન્કાર કરું છું " એવી માહિતી આપેલ. અરજદારે અપીલ તબકકે નકારાત્મક નિર્ણય મળેલ હોવાનું જણાવી અપીલ કરેલ છે.

અરજદારની તા.૫–૧૨–૦૯ ની અરજી અંગે જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે પુરી પાડેલ વિગતોને અનુલક્ષી આ અંગે અરજદારની સરખી બાબતેની અપીલ નં.૩૫૩ તા.૧૫–૧–૧૦ અત્રેથી તા.૧૯–૨–૧૦ ના રોજ પ્રથમ અપીલનો નિકાલ કરવામાં આવેલ જે મુજબ " અરજદારની તા.૫–૧૨–૦૯ ની અરજીથી ટેના નં.૨૭ડી–૧ ૭–૧૭૭૧–૦–૦૦૧ થી ૨૭ડી–૧૭–૧૭૭૭–૦–૦૦૧ સાંઈ પુજા એપાર્ટમેન્ટ પ્લોટ નં.૧૭૭ ની વિગતો જગદીશ મુકુંદ પાટીલ અને અગાઉના બધા કબ્જેદારોની કબ્જારસીદની નકલની માહિતી આપવા બાબતે માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર ટેના નં.૨૭ડી–૧૭–૧૭૭૧–૦–૦૦૧ થી ૨૭ડી–૧૭–૧ ૭૭૮–૦–૦૦૧ સાંઈ પુજા એપાર્ટમેન્ટ પ્લોટ નં.૧૭૭ પર આવેલ સાંઈ પુજા એપાર્ટ.ના કબ્જેદાર તરીકે ભીકેશ પાઉભા પાટીલના નામે દાખલ છે. જે અંગે તેઓને નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫૨૯ તા.૧૭–૧૨–૦૯ થી કલમ–૧૧ હેઠળ પત્ર પાઠવી તા.૨૮–૧૨–૦૯ ના રોજ ૧૨.૦૦ કલાકે રૂબરૂમાં અભિપ્રાય આપી જવા અથવા તો પોસ્ટ ધ્વારા દિન–૪ માં રજૂ કરવા જણાવવામાં આવેલ. જે બાબતે ત્રાહિત પક્ષકારે અમારા કબ્જા રસીદ મેળવી ગેર ઉપયોગ થઈ શકે છે તેમજ કબ્જા રસીદ અમારી માલિકીની અંગત મિલ્કત હોઈ તેઓને આપવી વાજબી પણ ગણી શકાય નહીં જે સામે અમે સખત કાયદેસરનો વાંધો નોંધાવીએ છીએ તેવું જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ નિર્ણય લઈ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૬૩૫ ૪–૧–૧૦ થી " ત્રાહિત પક્ષકારે માહિતી આપવા અંગે વાંધો ઉઠાવી માહિતી ન આપવા જણાવેલ છે. જેથી આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ માહિતી આપવા અંગેનો હું ઈન્કાર કરું છું." તેવું જણાવેલ છે. તેની સામે અરજદારે તા.૧૫–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અને માહિતીની માંગણી કરેલ છે. અરજદારે ત્રાહિત વ્યકિતની વિગતોની માંગણી કરેલ હોય તેમજ ત્રાહિત વ્યકિતએ તે આપવા અંગેનો ઈન્કાર કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત વ્યકિતને લગતી માહિતી હોય ત્રાહિત પક્ષકારે વાંધો ઉઠાવી માહિતી ન આપવા જણાવેલ વાંધાને ગ્રાહય રાખી કલમ–૧૧(૨) હેઠળ ઈન્કાર કરેલ છે. જે કાયદાની જોગવાઈઓ સાથે સુસંગત છે. " ફરીયાદની હકીકત ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવેલ.

અરજદારે તા.૫–૧૨–૦૯ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીનો કલમ–૧૧ (૨)હેઠળ માહિતીના ઈન્કાર અંગેનો નિર્ણય બહાલ રાખવામાં આવે છે અને અરજદારની અપીલ અરજી અંગે કઈં કરવાનું રહેતું ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીનો કલમ–૧૧(૨) હેઠળ માહિતીના ઈન્કાર અંગેનો નિર્ણય સરખી અપીલ નં.૩૫૩ તા.૧૫–૧–૧૦ની વિગતે અત્રે પણ બહાલ રાખવામાં આવે છે અને અરજદારની અપીલ અરજી અંગે કાંઈ કરવાનું રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સદર હુકમ સામે નારાજગીના કિસ્સામાં અરજાદરને કાયદાનીકલમ–૧૯(૩) હેઠળ રાજય માહિતી આયોગ, ગુજરાત રાજય, સેકટર–૧૮, ગાંધીનગરને બીજી અપીલ દિન–૯૦ માં કરવાની જોગવાઈ છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ :      –૩ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધના ઝોન....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટી,